અપીલ અરજી નં.૧૫૭ તા.૧૨–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી વિપુલ રવજીભાઈ કોટડીયા
સામાવાળાઃ– મેડીકલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિપુલ રવજીભાઈ કોટડીયાની તા.ર–૬–૧૦ની અરજીથી (૧) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર, સુરત મ્યુ. કોર્પોરેશન, સુરત ખાતે તા. ૦૧–૪–ર૦૦૭ થી ૩૧–૦૫–ર૦૧૦ સુધીમાં આઈટમ **Inj. Human Albumin 20% 100 ml** ની થયેલ ખરીદીના ભાવ, સપ્લાય કરનાર પેઢીઓના નામ, મેન્યુ. કંપનીના નામ તથા માસ મુજબ ખરીદ જથ્થાની વિગત વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૨–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૫૭/ર૦૧૦–૧૧

શ્રી વિપુલ રવજીભાઈ કોટડીયાની તા.ર–૬–૧૦ની અરજીથી (૧) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર, સુરત મ્યુ. કોર્પોરેશન, સુરત ખાતે તા. ૦૧–૪–ર૦૦૭ થી ૩૧–૦૫–ર૦૧૦ સુધીમાં આઈટમ **Inj. Human Albumin 20% 100 ml** ની થયેલ ખરીદીના ભાવ, સપ્લાય કરનાર પેઢીઓના નામ, મેન્યુ. કંપનીના નામ તથા માસ મુજબ ખરીદ જથ્થાની વિગત વિ. મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે મેડીકલ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ મેડીકલ સ્ટોરના પત્ર નં.સી.એમ.એસ/આઉટ/૮ર૩ તા.૧ર–૭–૧૦ થી આપેલ માહિતીના મુદ્દા નં.ર માં ૧ર થી ૧૫ કંપનીઓના **WHOGMP/GMP** આપવામાં આવેલ ન હોવાનું ,મુદ્દા નં.૬માં આઈટમોના નામ તથા મુદ્દા નં.૭ ની માંગ્યા મુજબની માહિતી ન આપ્યા હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧ર–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૧૦ તા.૧૮–૮–૧૦ થી ડે. કમિશ્નર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ) તથા અરજદારને અપીલ અરજીમાં મુદ્દા નં.૭ માં તેમણે કરેલ દાવા અનુસાર જાહેર માહિતી અધિકારીએ કઈ જુદી માહિતી આપેલ છે ? તે તુલનાત્મક જણાવવા તથા મુદ્દા નં.–ર અંગે ૧ર થી ૧૫ કાં. ની ચોકકસ માહિતી રજુ કરવા તેમજ મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત રજુ કરેલ ન હોય તેની વિગતો પણ મોકલી આપવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.એમ.એસ./૧૧૫૮ તા.ર૫–૮–૧૦ થી અત્રે પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી મેડીકલ સુપ્રિ. એન્ડ સર્જન સ્મીમેર હોસ્પિ. ને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, ડીન અને જાહેર માહિતી અધિકારી સ્મીમેર તરફથી ડે.કમિ.(સ્પે.) અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.એમ.એસ ./આ.નં.૮ર૩ તા.૧ર–૭–૧૦ ના પત્રની નકલ, પ્રોકયુરનું પ્રાઈઝ બીડ દર્શાવતા વર્તમાન ટેન્ડરની વિગત દર્શાવતા પત્રકની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.ર૮–૮–૧૦ ના પત્ર અરજી સ્વીકાર્યાની પહોંચ, અરજદારની મુળ અરજીની નકલ, માહિતી અંગે દસ્તાવેજ ફી અંગે ની રસીદ નં.૪૭૮૦૧૧ તા.૩૦–૬–૧૦ ની નકલ, અરજદારને માહિતી અંગે દસ્તાવેજ ફી અંગે પાઠવેલ પત્ર નં.સીએમએસ/આ.નં.૫૯ર તા.ર૧–૬–૧૦ ના પત્રની નકલ, જીએમપી પ્રમાણપત્ર વિનાની ૧ર કંપનીની યાદીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.ર–૬–૧૦ ની અરજીથી અરજી સાથે નિર્દિષ્ટ પરિશિષ્ટ–ક માં દર્શાવેલ મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૩૩૯ તા.૫–૬–૧૦ થી મેડીકલ સુપ્રિ. એન્ડ સર્જન સ્મીમેર હોસ્પિટલને તબદીલ કરવામાં આવેલ. જે ડીન અને જાહેર માહિતી અધિકારી તરફથી ડે.કમિ. સ્પે. અને જાહેર માહિતી અધિકારી ને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને મ.જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.એમ.એસ./૫૯ર તા.ર૧–૬–૧૦ થી પરિશિષ્ટ–કના મુદ્દા નં.૧ થી ૯ મુજબ માંગેલ માહિતીના કુલ પેજ નંગ–ર૧૧૩ હોવાથી પેજ દીઠ રૂા.ર/– પ્રમાણે કુલ રૂપિયા ૪રર૬/– અત્રેની કચેરીએ ભરી આ માહિતી પ્રાપ્ત કરી શકો છો તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૩૦–૬–૧૦ ના રોજ રસીદ નં.૪૭૮૦૧૧ થી રૂા.૪રર૬/– ભરપાઈ કરેલ છે. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સી.એમએસ/આ.નં.૮ર૩ તા.૧ર–૭–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તથા પત્ર નં.સી.એમ.એસ./આ.નં.૯૧૦ તા.ર૦–૭–૧૦ થી મુદ્દા નં.૭ અંગે ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે તેવો જાણ કરતો પત્રની નકલ મોકલવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અરજી કરી આપેલ માહિતીના મુદ્દા નં.ર માં ૧ર થી ૧૫ કંપનીઓના **WHO/GMP/GMP** આપવામાં આવેલ ન હોવાનું ,મુદ્દા નં.૬માં આઈટમોના નામ તથા મુદ્દા નં.૭ ની માંગ્યા મુજબની માહિતી ન આપ્યા હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ અરજદારે તા.૧ર–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારની માંગવામાં આવેલી માહિતીના મુદ્દા નં.૧ (૧) સેન્ટ્રલ મેડીકલ સ્ટોર, સુરત મ્યુ. કોર્પોરેશન, સુરત ખાતે તા.૦૧–૪–ર૦૦૭ થી ૩૧–૦૫–ર૦૧૦ સુધીમાં આઈટમ **Inj. Human Albumin 20% 100 ml** ની થયેલ

ખરીદીના ભાવ, સપ્લાય કરનાર પેઢીઓના નામ, મેન્યુ. કંપનીના નામ તથા માસ મુજબ ખરીદ જથ્થાની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્રક–૧ મુજબ તા.૧–૪–૦૭ થી તા.૩૧–૫ –૧૦ સુધી **Inj.Human Albumin 20%,100ml.** ની ખરીદીની માસવારની વિગત પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) **Tender Notice No.DCS/CMS/02/09-10** ટેન્ડર આપના ધ્વારા પાસ કરવામાં આવેલ આઈટમનું લીસ્ટ અને આઈટમ મુજબ **WHO/GMP/GMP** ની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પાસ કરેલ આઈટમોનું લીસ્ટ પત્રક–૨ મુજબ પાના નં.૧ થી ૯૮ તથા (બી) **WHO/GMP/GMP** સર્ટીફીકેટની નકલ પાના નં.૧ થી ૮૩ ની નકલ આપવામાં આવેલ છે. જેમાં અરજદારે અપીલમાં મુદ્દા નં.૨ માં ૧૨ થી ૧૫ કંપનીઓ **WHO/GMP/GMP** આપવામાં આવેલ નથી. જેની પ્રોડકસ સીએમએસ ધ્વારા કરવામાં આવેલ છે તેવી રજુઆત કરી પુરક માહિતીમાં તેવી કંપનીઓના નામ **1. Gelen pharma 2. Corwis Pharmaceuticals. 3.Chandrabhagat Pharma.4. Photochem.5. Ascor Pharma.6.ACS chemicals. 7. Shree Evid Sons. 8. Vins Bio Products 9. Ranbaxy fine chemicals. 10. Biocon 11. Synergy diagnostic. 12. EL Shaddai .** જે **GMP** પ્રમાણપત્ર વિનાની છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં મુદ્દા નં.૨ માં ટેન્ડરમાં પાસ કરવામાં આવેલ આઈટમોનું લીસ્ટ તેમજ આઈટમોમાં ઘણી આઈટમો એવી છે કે જેમાં **GMP/ WHOGMP** સર્ટીફીકેટની જરૂરીયાત હોતી નથી. તો તેવી આઈટમોમાં વૈકલ્પિક સર્ટી **(ISO.SSI/BIS)** ને ધ્યાને લઈ મંજુર કરવામાં આવેલ પરંતુ અરજદાર ધ્વારા **GMP/WHO/GMP** સર્ટીફીકેટની નકલોની માંગણી કરેલ હોવાથી **(ISO.SSI/BIS)** વૈકલ્પિક સર્ટીફીકેટની નકલ આપવામાં આવેલ નહીં તેવું જણાવેલ છે. મુદ્દા નં.૩ સરકારશ્રીના અધિનિયમ મુજબ દવાઓના ટેન્ડરમાં કઈ લાયકાત વાળા અધિકારીઓ સ્ક્રુટીની કરવું જોઈએ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના ખાતાને લાગુ પડતું ન હોવાથી સરકારીશ્રીમાં તબદીલ કરેલ છે. મુદ્દા નં.૪ **Tender Notice No.DCS/CMS/02/09-10** ટેન્ડરની સ્ક્રુટીમા કયા કયા અધિકારીશ્રીઓ હાજર હતા? તેના નામ, લાયકાત, તથા હોદ્દાઓની વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેન્ડર સ્ક્રુટીની સ્મીમેરના તમામ ખાતાઓના વિભાગીય વડાઓ ધ્વારા કરવામાં આવે છે પત્રક–૩ મુજબ. મુદ્દા નં. ૫અગાઉ આપની કચેરીમાં કોઈ પણ ટેન્ડર /કવોટેશન કે લોકલ ખરીદીમાં **Baxter (I) Pvt.Ltd.** નામની કંપનીની આઈટમ **Inj.Human Albumin 20%,100ml.** ની ખરીદી કરવામાં આવેલ છે હા કે ના? જો હા હોય તો તે કયા આધાર પુરાવાના આધારે નકકી કરવામાં આવેલ છે તેની નકલો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી **Baxter (I) Pvt.Ltd.** કંપની પાસેથી **Inj.Human Albumin 20%,100ml.** ની ખરીદી **CMS** ખાતેથી વર્ષ ૨૦૦૬ પછી કરવામાં આવેલ નથી જયારે તે અગાઉનો રેકર્ડ હાલમાં ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૬ **Tender Notice No.DCS/CMS/02/09-10** માં ઓછા ભાવ વાળી કોઈ આઈટમ નામંજુર થઈ છે હા કે ના? હા તો તે કયા કારણોસર તેની વિગતો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી હા, નીચે જણાવ્યા મુજબના કારણોથી ઓછા ભાવવાળી આઈટમોના મંજુર થયેલ છે. (૧) જરૂરી સર્ટીફીકેટ **(WHO/GMP/GMP/ISO)** ન હોવાના કારણે. (૨) સેમ્પલનું પરિણામ સંતોષકારક ન હોવાના કારણે (૩) આઈટમ સ્પેશીફીકેશન મુજબ ન હોવાના કારણે (૪) સી.એમ.એસ.ઓ ગાંધીનગર ધ્વારા ડી–બાર કરવામાં આવેલ હોવાના કારણે. જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં મુદ્દા નં.૬ માં આઈટમોના નામ આપવામાં આવેલ નથી.જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. વધુમાં પૂરક વિગતોમાં સંકલન કરવાનું સૂચન કરવામાં આવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદાર ધ્વારા ઓછા ભાવ વાળી આઈટમ ના મંજુર થઈ છે હા કે ના? હા હોય તો કયા કારણોસર તે મુજબની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને ઓછા ભાવ વાળી આઈટમોમાં જે કારણોસર નામંજુર થયેલ તેની વિગતો આપવામાં આવેલ. આઈટમોના નામ અંગેની માહિતી અરજદાર ધ્વારા માંગણી કરેલ નહીં હોવાથી આપવામાં આવેલ નહીં તેમ છતાં અરજદારને મંજુર થયેલ આઈટમોની યાદી સ્ટોર્સ વિભાગ ધ્વારા અત્રેથી આપવામાં આવેલી માહિતી સાથે મોકલવામાં આવેલ છે. જો અરજદારને ના મંજુર થયેલ આઈટમો અંગેની માહિતી મેળવવા માંગતા હોય તો ટેન્ડરની તમામ આઈટમો તેમજ મંજુર થયેલ આઈટમોનો અભ્યાસ કરી ના મંજુર થયેલ આઈટમોની માહિતી મેળવી શકે તેમ છે. તેવું જણાવેલ છે. વધુમાં અરજદારે પૂરક માહિતીમાં સૂચન કરેલ છે. મુદ્દા નં.૭ **Tender Notice No.DCS/CMS/02/09-10** નું પ્રિલીમનરી ટેકનીકલ , કોમર્શીયલ બીડ અનુક્રમે કઈ તારીખે ખોલવામાં આવેલ જેનુ ક્રમાનુસાર ઓનલાઈન ઓથોરાઈઝ કરેલ ની પ્રિન્ટ આઉટની નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રીલીમનરી પત્રક–૪ પાના નં.૧ થી ૨૪ કેનીકલ બીડ પત્રક– ૫ પાના નં.૨૫ થી ૬૦ કોમર્શીયલ બીડ પત્રક –૬ મુજબ જણાવેલ છે. વધુમાં સીએમએસ/આ.નં.૯૧૦ તા.૨૦–૭–૧૦ થી મુદ્દા નં.૭ માં સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ ખાતે ઉપલબ્ધ માહિતી મોકલવામાં આવેલ છે તે સિવાયની અન્ય કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલમાં મુદ્દા નં.૭ ની માહિતી મારા માંગ્યા મુજબની નથી તથા પૂરક વિગતોમાં માહિતી ગેરમાર્ગે દોરનાર અને ખોટી હોવાની રજુઆત કરેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર કે વાજબીપણું જણાવેલ નથી. જે અંગે જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં મુદ્દા નં.૭ માં પ્રીલીમનરી ,ટેકનીકલ અને કોમર્શીયલ બીડ કઈ તારીખે ખોલવામાં આવેલ જેનું ક્રમાનુસાર ઓનલાઈન ઓથોરાઈઝ કરેલી પ્રિન્ટ આઉટની નકલો અત્રેથી આપવામાં આવેલ. તેમ છતાં ઓન લાઈન ટેકનીકલ અને પ્રાઈઝ બીડ ખોલ્યા પછી જે તે ઈજારાદારને ઓન લાઈન સીસ્ટમ મારફતે જાણ થતી જ હોય છે. અને ટેકનીકલ બીડ અને પ્રાઈઝ બીડ ખોલ્યા પછી અમુક સમય સુધી તમામ ઈજારાદારો કવોલીફાઈડ થયેલ ઈજારાદારો એક બીજાના ઓન લાઈન પ્રાઈઝ બીડમાં આઈટમના રેટ જોઈ શકે છે. તેમ છતાં અત્રે સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ જે ઓન લાઈન પ્રિન્ટ આઉટની નકલો અરજદારને આપવામાં આવેલી છે તે દરેક ઈજારાદારના પ્રાઈઝ બીડના અંતિમ પેજ પર તારીખ અને સર્વર ટાઈમ પણ જોઈ શકાય છે તે સિવાય આ અંગેની કોઈ માહિતી અત્રેના સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવા અંગેની જાણ પણ અરજદારને તેઓના તા.૪–૭–૧૦ ના આ પત્રના અનુસંધાને અત્રે સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ સીએમએસ/

આ.નં.૯૧૦ તા.૨૦–૭–૧૦ ના રોજ કરવામાં આવેલ છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ સર્વર ડેઈટ અને ટાઈમ પ્રિન્ટ આઉટની નમુનારૂપ નકલો પણ બચાવપક્ષે રજુ થયેલ છે જેમાં ટેન્ડરોની કાર્યવાહી તા.૧૫–૧૦–૦૯ ના રોજ સમય ૧૬:૫૦:૨૦ , ૧૭:૦૯:૧૧ અને ૧૭.૧૦.૦૩ નો સમય દર્શાવેલ છે. મુદ્દા નં.૮ **Tender Notice No.DCS/CMS/02/09-10** ની ટેકનીકલ સ્ક્રુટીની કઈ તારીખ થી કઈ તારીખ સુધીમાં કરવામાં આવેલ તથા ટેકનીકલ સ્ક્રુટીની પૂરી થયાનો ઉપરી અધિકારીને કરેલ રીપોર્ટની વિગત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટેકનીકલ સ્ક્રુટીની તા.૧૨–૧૦–૦૯ થી તા.૧૪–૧૦–૦૯ દરમ્યાન કરવામાં આવેલ તેમજ ટેકનીકલ સ્ક્રુટીનીનો રીપોર્ટ આ સાથે પાના નં.૧ થી ૪ પર સામેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૯ **Tender Notice No.DCS/CMS/02/09-10** મુજબ ટેન્ડરની પ્રક્રિયામાં પેહલા પ્રિલીમનરી સ્ટેજ ખોલવું જોઈએ ત્યાર બાદ ટેકનીકલ સ્ક્રુટીની થવી જોઈએ અને તે પછી કોમર્શીયલ બીડ ખુલવું જોઈએ જે મુજબ આપની કચેરી ધ્વારા વર્તવામાં આવેલ છે કે નહીં હા કે ના? ના તો કયા અધિકારીના આદેશથી તેમ કરાવામાં આવેલ તેનું નામ અને હોદ્દો જણાવવો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી "હા" છે. આમ આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.વધુમાં આરટીઆઈ એકટની કલમ–૭(૯) માં એવી જોગવાઈ છે કે સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પુરી પાડવી જોઈશે, સિવાય કે તેનાથી જાહેર સત્તા મંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદાગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય અને તે જોગવાઈને અનુરૂપ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૨ ની ઉપલબ્ધ માહિતી અરજદારને માંગેલ વિગતે આપેલ જણાય છે.

ઉપરોકત હકીકત જોતાં અરજદારના અપીલ તબકકેના દાવા " માહિતી માંગ્યા મુજબ નથી અને માત્ર પૈસા અને સમયનો વ્યર્થ કરે છે" તે પ્રતિપ્રાદિત થતું નથી. અરજદારના અપીલ તબકકેના અરજી ત્રણ જગ્યાએ તબદીલીના દાવા અંગે પૃથ્થકરણ કરતાં અરજદારે મુળ અરજીમાં સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સનું સંબોધન કરેલ હોઈ અરજી સ્વીકારેલ જાહેર માહિતી અધિકારી નાગરિક સુવિધા કેન્દ્ર સેન્ટ્રલઝોન ધ્વારા સ્મીમેરના જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કરેલ જણાય છે. જે અત્રેના સત્તા મંડળના જાહેર માહિતી અધિકારીની સૂચિ મુજબ સીધી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સને મોકલી શકાઈ હોત તેમ નહીં થવાને કારણે દિન–૨ નો તબદીલીમાં વિલંબ થવા પામેલ છે જે નિવારી શકાયું હોત. તેમ છતાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ ધ્વારા તા.૨૧–૬–૧૦ ના રોજ દસ્તાવેજના નાણા ભરવા સમય અવધિમાં પત્ર પાઠવેલ જણાય છે. તથા અરજદારે ૩૦–૬–૧૦ ના રોજ ફી ભરતાં ૧૨–૭–૧૦ ના રોજ દિન–૨ ના વિલંબથી માહિતી આપ્યાનું જણાય છે. અરજદારે મુદ્દા નં.૭ ની ઓનલાઈન ઓથોરાઈઝ પ્રિન્ટની માંગેલ માહિતી જોતાં ખોટી માહિતી આપ્યાનું ફલીત થતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨–૬–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડેલ જણાતી હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૨ અને ૭ અંગે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી ફી ભરપાઈ કરવાની રીતે બાબત હેઠળના દફતરની તપાસણી કરવા સ્વતંત્ર છે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા મેડીકલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) મેડીકલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ મેડીકલ સ્ટોર્સ).. ..જાણ તથા અમલ માટે
(૨) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તબદીલી બાબતે વિશેષ કાળજી દાખવવા સારું.
(૩) શ્રી વિપુલ રવજીભાઈ કોટડીયા